ગાંધીનગર સમાચાર, પાના નંબર ૦૫,
તારીખ :- ૧૩/૦૨/૨૦૨૬.

# ગાંધીનગરમાં મેટ્રો પ્રોજેક્ટ બાદ રૂટમાં ફૂટપાથને ચકાચક બનાવવા કામ શરૂ કરાયું

## સેન્ટ ઝેવિયર્સ તેમજ સેક્ટર-૧૦ સહિતના મેટ્રોના રૂટમાં વોક-વે ની કામગીરી તેજ



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમા ખુલ્લા અને પોહળા રોડ નેટવર્ક સાથે આસપાસ ફૂટપાથ નિર્માણ પણ કરવામાં આવ્યું છે. શહેરમાં અંદાજે ૧૦૦ કિલોમીટર કરતા પણ વધુ લંબાઈ ધરાવતું ફૂટપાથનું નેટવર્ક આવેલું છે. ફૂટપાથ નિર્માણની તબક્કાવાર હાથ ધરાયેલી કામગીરી પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે જોકે, છેલ્લા કેટલાક સમયથી વિવિધ કારણોસર આ ફૂટપાથની હાલત બિસ્માર બની હતી, હવે મેટ્રો રેલ પ્રોજેકટના અંતિમ તબક્કે રૂટમાં ફુટપાથનું કામ તેજ ગતિએ હાથ ધરાયુ છે.

શહેરમાં સમયાંતરે થતા વિવિધ ખોદકામને કારણે ફૂટપાથ પર અનેક જગ્યાએ ગાબડાં જોવા મળતા હતા. ક્યાંક પેવર બ્લોક બેસી ગયા હતા, તો ક્યાંક ડ્રેનેજ કે અન્ય લાઈનોના સમારકામ બાદ ફૂટપાથની હાલત કંગાળ જોવા મળતી હતી. વાહનચાલકો ટ્રાફિક કે લાંબા રૂટથી બચવા માટે ફૂટપાથનો ઉપયોગ 'શોર્ટકટ' તરીકે કરવા લાગ્યા હતા, જેના કારણે ફૂટપાથને ભારે નુકસાન પહોંચ્યું હતું.

ગાંધીનગરમાં મેટ્રો રેલના નિર્માણ દરમિયાન મોટા પાયે તોડફોડ અને ડાયવર્ઝન આપવામાં આવ્યા હતા. મેટ્રોના રૂટ પર આવતા માર્ગો પર ધમધમાટ કામગીરી ચાલતી હોવાથી ફૂટપાથની જાળવણી શક્ય નહોતી. જોકે હવે મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થવા આવી છે, ત્યારે તંત્ર દ્વારા પ્રથમ તબક્કે માર્ગોના રિસરફેસિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હાલમાં મેટ્રો પ્રોજેક્ટ હેઠળ આવતા વિસ્તારોમાં ફૂટપાથના સમારકામ અને નવા બ્લોક નાખવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ખાસ કરીને સેકટર-૧૦ તેમજ સે. ૮ માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે મેટ્રો દ્વારા ફૂટપાથ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય મેટ્રો સ્ટેશનની આસપાસના વિસ્તારોમાં નાગરિકોને અવરજવર માટે સલામત અને સુવિધાજનક વોક વે મળશે જૂના અને તૂટી ગયેલા બ્લોકના સ્થાને મજબૂત નવા બ્લોક બેસાડવા. ઉપરાંત અમુક જગ્યાએ બેસી ગયેલા 'વોક-વે'ને સરખો કરી તેને સમતલ બનાવવાની અનિવાર્યતા છે પદયાત્રીઓને નડતરરૂપ દબાણો દૂર કરવા. આ આગામી દિવસોમાં શહેરના અન્ય સેક્ટરોમાં પણ તબક્કાવાર મેટ્રોના રૂટમાં ફૂટપાથની કામગીરી વિસ્તારવામાં આવશે. લાંબા સમયના અંતે ફુટપાથનું નવીનીકરણ થતા વોકિંગ કરનારા નાગરિકોને પણ રાહત થશે.